

(તસવીર : કશ્યપ નિમાવત)

શેરી ગરબા - ગાંધીનગરમાં વિવિધ જગ્યાઓ પર શેરી ગરબાઓનું આયોજન કરવામાં આવ્યું હતું તો શાળા-મહાશાળાઓમાં પણ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# શહેરના ૬૨ કી.મી. રોડ નેટવર્કને અનુલક્ષી સફાઈ અભિયાન શરૂ

## જિલ્લાના વિવિધ માર્ગોની પણ સફાઈ કરાશે : આસપાસના જંગલ વિસ્તારની સફાઈ તેમજ વૃક્ષોને રંગરોગાન કરાશે

ગાંધીનગર, તા.૨૯

સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણી અન્વયે શહેર તેમજ જિલ્લાના વિવિધ માર્ગોની સફાઈ હાથ ધરવા તંત્રએ ઝુંબેશ હાથ ધરી દીધી છે. ૬૨ કી.મી.ના શહેરી વિસ્તારમાં માર્ગની રસ્તાની સફાઈ હાથ ધરાશે. જેમા માર્ગોની આસપાસના વિસ્તાર ઉપરાંત ફૂટપાથની આજુબાજુની ઘાસ પણ દૂર કરાશે. જિલ્લાના માર્ગો ઉપર પણ સફાઈ તેમજ વૃક્ષોને રંગ રોગાન કરાશે.

સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણી અન્વયે સમગ્ર કિસ્સામાં સફાઈ અભિયાને ગતિ પકડી છે. શહેરી વિસ્તારમાં પણ સફાઈના મામલે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. પોલીસ સ્ટેશનોથી લઈ સરકારી કચેરીઓમાં પણ સ્વચ્છતાનો અભિગમ અપનાવવાની સાથે સફાઈ કામો હાથ ધરવામાં આવ્યા છે. શાળા સફાઈ માટે પણ અભિયાન શરુ કરી દેવાયું છે. જયારે માર્ગ મકાન વિભાગ દ્વારા પણ સપ્તાહની ઉજવણીને અનુલક્ષી માર્ગો તેમજ આસપાસના વિસ્તારની સફાઈ શરુ કરી દેવાઈ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિવિધ રસ્તાઓની સફાઈ ઉપરાંત માર્ગ આસપાસના સાઈડ સોલ્ડર્સ ફૂટપાથ વિસ્તાર તેમજ વૃક્ષોને રંગરોગાન કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે જેમાં શહેરી વિસ્તારના વિવિધ માર્ગોને લઈ ૬૨ કીમીના એરિયામાં સફાઈનું કામ કરવામાં આવશે. હાલ ઘ માર્ગ પર સફાઈ કામ માટે તંત્રના ૨૨ માણસોની ટીમ કામે લગાડી દેવાઈ છે. જયારે આગામી તા. ૨ ઓકટોબરના રોજ સ્વચ્છતા અભિયાનને લઈ અધિકારીઓ દ્વારા નગરની સિવિલ હોસ્પિટલમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે જયારે બપોર બાદ એસ.ટી. ડેપોમાં પણ ડ્રાઈવર કડંકટરો સહીતના કર્મચારીઓ પણ સફાઈ ઝુંબેશમાં જોડાશે.

# રૂપાલના પલ્લી મેળા માટે ડેપો દ્વારા વિશેષ કેમ્પનું આયોજન

## તા. ૩ અને ૪ ઓક્ટોબરના રોજ ગાંધીનગર-રૂપાલ રૂટમાં ૧૦ બસો દોડાવાશે

ગાંધીનગર, તા. ૨૯

નોમના દિવસે યોજાનારી રૂપાલની પલ્લી મેળાને અનુલક્ષી ભાવિકો માટે એસ.ટી. તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. એસ.ટી. તંત્ર દ્વારા રૂપાલમાં એક દિવસ માટે ખાસ પોઈન્ટ ઉભો કરવામાં આવશે. તા. ૩ અને ૪ ઓક્ટોબર દરમિયાન ગાંધીનગર રૂપાલ રૂટમાં ૧૦ એસ.ટી. બસો દોડાવવામાં આવશે.

નવરાત્રીના અંતે નોમના પલ્લી મેળામાં ભાવિકોની વિશાળ જનમેદની ઉમટી પડતી હોવાથી કાયદો અને વ્યવસ્થાની દ્દષ્ટિએ પણ વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. દર વર્ષે રૂપાલના પલ્લી મેળામાં

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૪ અને ચ-૪ પાસે સ્થિત લાઈટીંગ ટાવર ઉતારી લેવાશે

## સ્વર્ણિમ પાર્કના આયોજનને અનુલક્ષી નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૨૯

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની યોજનાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. હાલ ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં વિવિધ પ્લાઝા અને વોટરબોડીના નિર્માણનું કામ હાથ ધરાયું છે. ત્યારે આ વિસ્તારમાંથી બે હાઈમાસ્ક ટાવર ટુંકમાં હવે દૂર કરી દેવાશે. અગાઉ વીજબીલના આર્થિક ભારણને ઘટાડવા શહેરના વિવિધ સર્કલોમાં ઉભા કરાયેલા લાઈટીંગ ટાવર ઉતારી લેવા વિચારણા પણ હાથ ધરવામાં આવી હતી.

શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલોને વિકસાવાયા બાદ શહેરના સુશોભિત સર્કલો પાસે હાઈમાસ્ક ટાવર લગાવાયા છે. જેના પરિણામે આ વિસ્તારમાં વિશેષ રોશની પથરાયેલી જોવા મળે છે. પરંતુ હાઈમાસ્ક ટાવરના લીધે વીજબીલનું ભારણ વધતા સરકારે આર્થિક બોજો સહન કરવાનો વારો આવતા અગાઉ નગરમાં સ્થિત હાઈમાસ્ક ટાવરો ઉતારી દેવા વિચારણા હાથ ધરવામાં આવી હતી. બીજી તરફ થોડા સમય અગાઉ જ ચ-૨ તેમજ સિવિલ હોસ્પિટલના પાર્કીંગ કેમ્પસમાં પણ નવા બે હાઈમાસ્ક ઉભા કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયત ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ પર ભાજપનો કબજો

## પંચાયતના રાજકારણમાં પુનઃ ગરમાવો આવ્યો : બે સમિતિઓમાં ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ દાખલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓમાં નિમણુંક પામ્યા બાદ ભારતીય જનતા પક્ષે આજે જિલ્લાની ૨૦ મુદ્દા અમલીકરણ સમિતનું ચેરમેન પદ મેળવ્યુ છે. જ્યારે બે સમિતિમાં વર્તમાન ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કર્યો છે.

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિની મળેલ બેઠકમાં સમિતિના ચેરમેન તરીકે શ્રી અમરસિંહ પી. ચૌહાણની વરણી કરવામાં આવી હતી.

કોંગ્રેસ સાથે પ્રમુખ શ્રીમતિ હીના પટેલ અને તેમના ૮ સાથીઓએ કરેલા પક્ષાંતર બાદ મળેલ સામાન્ય સભામાં ભાજપે સમિતિઓમાં સ્થાન

● અનુસંધાન પાન-૭ પર



સ્વચ્છતા ત્યાં પ્રભુતા - આગામી ૨જી ઓક્ટોબરથી આરંભાતા સ્વચ્છ ભારત અભિયાનમાં ગાંધીનગર પોલીસના જવાનો જોડાયા હતા. આજે વહેલી સવારથી સેક્ટર-૨૭ પોલીસ અધિક્ષક કચેરીની આસપાસ સફાઈ અભિયાનમાં પોલીસ કર્મીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# મોડી રાત સુધી ખાણી પીણીની લારીઓ, આઈસ્ક્રીમ પાર્લરે તથા હોટલોમાં ધમધમાટ, લોકોમાં અનેરો આનંદ

ગાંધીનગર, તા.૨૯

માં આદ્યશકિતના પર્વ નવરાત્રીનું ગુજરાતમાં ખુબ જ મહત્વ રહેલું છે. જેની હાલમાં ગુજરાતીઓ પુરા આનંદ ઉત્સવ સાથે ઉજવણી કરી રહ્યા છે. વિશ્વભરમાં ગુજરાતની નવરાત્રીના ગરબા અને દાંડીયા પ્રચલિત બન્યા છે ત્યારે આ પર્વની મજા માણવા ગાંધીનગરના નગરજનો પણ હિલોળે ચડયા છે. ગરબી, દાંડીયા, રાસની રંગત સાથે ખાણી પીણીની પંગત પણ હોંશે હોંશે માણી લઈ આ ઉત્સવનો ઉત્સાહ ઓસરવા દેતા નથી જેથી રાત્રીના સમયે સમગ્ર નગરમાં જાણે કે સુર્યોદય થયો હોય તેવું વાતાવરણ સર્જાય છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર શહેરના સેકટરમાં કે ગૃપ નવરાત્રીમાં કે શ્રમજીવી વસાહતમાં સૌ કોઈ પોતાની શકિત પ્રમાણે ભકિતમાંઓતપ્રોત બન્યુ છે. માં જગત જનની જગદંબાના આ પર્વનો આ વર્ષનો લ્હાવો માણવાનું નગરજનો સહેજ પણ ચુકી ન જાય તેની પૂર્ણ તકેદારી રાખતા હોવાનું હાલ ચાલી રહેલા નવરાત્રી મહોત્સવ ઉપરથી લાગી રહ્યું છે. ગાંધીનગર શહેરના દરેક ઘેરથી ઉત્સાહીત લોકો નવરાત્રી માણવા શહેરમાં ઘુમી રહ્યા છે તો નવરાત્રીની સાથે સાથે નાસ્તા પાણી અને આઈસ્ક્રીમની પણ મજા માણી લે છે.

નગરમાં રાત્રીના સમયે ખાણી પીણી બજાર, આઈસ્ક્રીમ-પાર્લર, હોટલ તથા ગૃપ નવરાત્રીના સ્ટોલ્સમાં ખૈલેયાઓ અને અન્ય લોકોનો ધસારો જોવા મળે છે. ગમે તે સ્થિતિમાં આનંદ મેળવવો તે ગુજરાતી લોકોની ફિતરત હોવાનું હાલની તાજા સ્થિતિ ઉપરથી જાણવા મળી રહ્યું છે. નવરાત્રીની દરેક રાત્રીએ સે-૨૨, સે-૨૪, સે-૪, સે-૬ તથા અન્ય સેકટર અને

● અનુસંધાન પાન-૭ પર

# પવિત્ર નવરાત્રી પર્વના આજે છઠ્ઠા દિવસે ફળદાયીની માઁ કાત્યાયનીની પૂજા કરાશે

## માતાજીના આ છઠ્ઠા સ્વરૂપની પૂજા સાથે સૂર્ય ભગવાનની પૂજા-અર્ચનનું વિશેષ વિધાન છે

ગાંધીનગર, તા. ૨૯

નવરાત્રી પર્વના નવ દિવસોમાં જુદા જુદા સ્વરૂપે સ્થિત જગદંબાની પૂજા-અર્ચના કરવાથી મનોવાંછિત ફળ મળે છે. માતાજીના પાંચ સ્વરૂપોની અત્યાર સુધી પૂજા-અર્ચના થઈ ગઈ છે. આજે માઁ આદ્યશક્તિના છઠ્ઠા સ્વરૂપ 'કાત્યાયની'નું પૂજન કરાશે. વધુમાં આજે સુર્યભગવાનની પૂજા અર્ચના કરવાનું વિશિષ્ટ વિધાન છે. બ્રહ્માંડને ઉત્પન્ન કરનારી સૃષ્ટિની



● અનુસંધાન પાન-૭ પર

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧-૧૦-૧૪, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૧ સી કોર્નર સબ સ્ટેશન**

**સહી/-**
**ટોરેન્ટ પાવર લિમીટેડ**

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com